ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

શ્વાસની
અપેક્ષાઓ તો જુઓ
ગમે તે કરો
છેવટે
એકવાર તો રીસાવાનો જ

### જન્મદિને વધામણી



અરૂણભાઈ એન ત્રિવેદી
એડવોકેટ
મો. ૯૮૨૪૧ ૦૭૧૧૧



ઐયુબમીંયા ઈસ્માઈલમીંયા શેખ



નંદિની એ દવે
મો. ૯૭૨૪૬ ૭૯૫૧૬

# એક હજાર ''ચકલી-ઘર''ના વિતરણ સાથે ''હેપ્પી સ્પેરો વિક''નું સમાપન

## પક્ષી-પ્રેમી રાજુભાઈ મકવાણા તથા નરેન્દ્ર રાવલને ''ચકલી-મિત્ર''ના બિરુદ સાથે સન્માનવામાં આવ્યા : સપ્તાહમાં એકસોથી વધુ પક્ષી-પરબનું સ્થાપન કરાયું

ગાંધીનગર, તા. ૨૯

હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરમાં વિશ્વ ચકલી દિવસથી ''હેપ્પી સ્પેરો વિક'' ની ઉજવણી કરવામાં આવી રહી હતી. આજના સમાપન દિને હેપ્પી યુથ કલબ દ્વારા એક હજાર ચકલી-ઘરના વિતરણ સાથે આ સપ્તાહ દરમ્યાન કુલ બે હજાર ચકલી-ઘરનું નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે આજે હેપ્પી યુથ કલબ દ્વારા નગરના પક્ષી-પ્રેમી રાજુભાઈ મકવાણા તથા નરેન્દ્ર રાવલનું કોર્પોરેટર પાયલબેન મેણાત તથા નીલાબેન શુકલાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું, અ સાથે બંને પક્ષી-પ્રેમીઓને ''ચકલી-મિત્ર''નું ગૌરવપ્રદ ઉપનામ આપવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ''હેપ્પી સ્પેરો વિક'' ની ઉજવણીના ભાગ રૂપે આ સપ્તાહ દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા શહેરના વિવિધ શૈક્ષણિક સંકુલો તથા કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ ની તરસ છીપાય તે હેતુથી ૧૦૦ થી વધુ પક્ષી પરબ (માટીના કુંડા) નું સ્થાપન કરવામાં આવ્યું હતું તેમજ તેમાં નિયમિત જળ વ્યવસ્થાપન ની કાળજી લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ હેપ્પી સ્પેરો વિક દરમ્યાન નગરજનો ધ્વારા મળેલા પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો. ''હેપ્પી સ્પેરો વિક''ના સમાપન પ્રસંગે જાણીતા એડવોકેટ સર્વશ્રી પ્રદીપસિંહ વાઘેલા તથા અશ્વિન ત્રિવેદી, કટાર લેખક સંજય થોરાત, અગ્રણી પંકજ શુક્લા, વિનોદ મેણાત વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે હેપ્પી યુથ કલબના વિજયસિંહ માજીરાણા, વિશાલ થોરાત, પૃથક ઠક્કર, ઉમંગ સુથાર, પુનિત પાઠક, જયદીપ ધનેશા, હરકિશન વાઘેલા તથા સમીર રામી સહીત તમામ સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.







ગાંધીનગર, તા. ૨૯

મૂલ્યનિષ્ઠ દ્રષ્ટિકોણ વગર સમાજનું પરિવર્તન સંભવ નથી. અને બ્રહ્માકુમારીના મૂલ્યનિષ્ઠ આંદોલન અદ્વિતિય અને બેમિસાલ છે. બ્રહ્માકુમારી એક સામાજિક પરિવર્તન નું આંદોલન છે. રાજનીતિક આંદોલન કરવુ સહેલુ હોય છે પણ આધ્યાત્મિક આંદોલનનો રસ્તો કઠીન હોય છે. સમાજ બદલવાના બ્રહ્માકુમારીના આંદોલનને હું નમન કરુ છું.

આ વિચાર ગુજરાતના રાજ્યપાલ ઓ. પી. કોહલીએ મંગળવારે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની ૮૦મી વર્ષગાંઠ પર આયોજિત આંતરરાષ્ટ્રીય મહાસંમેલન તથા સાંસ્કૃતિક મહોત્સ ના ત્રીજા દિવસે વ્યક્ત કર્યો હતો. તેમણે પર્યાવરણ, વિજ્ઞાન, આધ્યાત્મ અને પરંપરાના સંરક્ષણ, પુનર્જીવન તથા સ્ત્રી શિક્ષાનો સમાવેશ કરી આને જન આંદોલનનું રૂપ આપવાની હિમાયત કરેલ. તેમણે વધતાં જતાં ભૌતિકવાદ, અલગાવવાદ પર ચિંતા પ્રદર્શિત કરેલ. તેમણે કહ્યું કે પરિવર્તન નું આ આંદોલન બ્રહ્માકુમારીની શિક્ષાના માધ્યમ થી જ થઈ શકશે.

**વ્યક્તિને સમજવા માટે મૂલ્યદ્રષ્ટી આપવી જોઈએ**

રાજ્યપાલ કોહલી એ જનણાવેલ કે રાષ્ટ્રિય આંદોલન પછી આઝાદી તો મળી ગઈ પણ ૭૦ વર્ષ પછી પણ સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનનું મજબૂત આંદોલન શરુ થઈ શક્યુ નથી. ઉપ ભોકતાવાદે દરેક ક્ષેત્ર પર હાવી છે. આજે જરુઉરત છે પરમપિતાના પ્રકાશને મહેસૂસ કરતાં કરતાં જીવન ને પરિવર્તન કરવાની. પરિવર્તનની આ શરુઆત પરમપિતાની સત્તા અને તેમાં અસીમ આસ્થાથી જ થઈ શકશે. આપણે જેને જીવન મૂલ્ય કહીએ છીએ તે બધા આના પર જ આધારિત છે. વ્યક્તિને આ સમજવાની મૂલ્યદ્રષ્ટી આપવી જરુરી છે કોનો સ્વીકાર કરવો અને કોનો નહી. ભારતનો સમાજ બહેતર અને આધ્યાત્મિક બને, તેના માટે ઉંચ્ચ સંસ્કાર અને મૂલ્યોની શિક્ષા જરૂરી છે. ભૌતિકવાદે આધ્યાત્મિકતાથી વિમુખ કરી દીધા છે. તેમાં મૂલ્યોની પુનઃ સ્થાપના કરવી જોઈએ.

**બ્રહ્માકુમારી એક મૂલ્યનિષ્ઠ આંદોલનઃ**

રાજ્યપાલ કોહલી એ સ્વચ્છતા આંદોલન, બેટી બચાઓ, નારી સશકતીકરણ આંદોલન તરફ સંવેદનશીલતા દાખવવા બ્રહ્માકુમારીનો આભાર માન્યો હતો. તેમણે જનણાવેલ કે આ બધા પ્રયાસ સમાજ ને જીવન મૂલ્યોની પુનઃસ્થાપના તરફ લઈ જશે. તેનાથી જ વિશ્વ પરિવર્તન થશે. તેમણે એ પણ જણાવેલ કે ભૌતિકવાદના યુગ માં આપણે પ્રાકૃતિક સંસાધનો અને પર્યાવરણનો પોતાના સ્વાર્થ માટે નહી પણ વિવેકપૂર્ણ ઉપયોગ કરતાં શિખવુ જોઈએ. વસુધૈવ કુટુંબકમની ભાવનાની પુનઃ સ્થાપનાનો પ્રયાસ કરવો જોઈએ. સમાજને બહેતર બનાવાવો હોય તો જીવન મૂલ્યની પુનઃ સ્થાપના કરવી પડશે.

# સંગીન-સંમોહક સંગીત પ્રસ્તુતિ : 'શિવરંજની' આયોજીત કાર્યક્રમ 'ગોલ્ડન ટોકીઝ'

## સાંભળવા જ નહીં જોવાલાયક પણ, આ કાર્યક્રમમાં મૃદુલા દેસાઈ, નીરજ પાઠક અને નીલુ દવેના કંઠે કામણ પાથર્યા અને પ્રસર્યો સૂરોની સૂરાનો જાદુઈ નશો

''૨૦૦૦ની નોટ જેવું ફૂલગુલાબી ઓડિયન્સ અને ૨૪ કેરેટ સોના જેવા ગીતોની રજૂઆત એટલે શિવરંજનીનો આ કાર્યક્રમ ગોલ્ડન ટોકીઝ'' આ શબ્દો હતા કાર્યક્રમના સારથી ડૉક્ટર-કવિ-લેખક શ્રી રઈસ મનીયારના. એમણે કાર્યક્રમની શરૂઆતથી જ સરળ-સહજ શબ્દપ્રયોગની ધૂંઆધાર બેટીંગથી કાર્યક્રમની ધૂરા સંભાળી હતી. અને આ તબક્કે જ કાર્યક્રમની કક્ષા અને સફળતાનો અંદેશો મળી ગયો હતો. એક પછી એક ઉત્તમોત્તમ ગીતો અને ઉત્કૃષ્ઠ રજૂઆતે સમયનું ભાન ભૂલાવી દીધું. ૧૯૪૦થી ૧૯૬૦ના ગાળાના ગીતોની જાદુઈ અસરથી ઓડિટોરિયમમાં ઉપસ્થિત સૌ કોઈ સંમોહિત હતા. પ્રત્યેક ગીત સાથે ગાયક અને વાદક કલાકારોનું તાદાત્મ્ય કાબિલે દાદ રહ્યું. એમાં શ્રોતાજનોના સક્રિય સાથથી ચાર ચાંદ લાગી ગયા. ઓડિટોરિયમમાં હાજર મોટાભાગના સહુ કોઈ ગીત-ફિલ્મની વિગતોથી સુપેરે પરિચિત હોવાથી સંચાલક દ્વારા પૂછાતા અટપટા પ્રશ્નોના ઉત્તરો પણ ખૂબ સક્રિયપણે ઉત્સાહથી મળતા કલાકારોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો. જીઆર અને સીઆરના નગર તરીકે ઓળખાતા ગાંધીનગરનું બીરૂદ આ કાર્યક્રમમાં ખોટું પૂરવાર થયું. કલારસિકો અને સંગીતપ્રેમી વ્યક્તિવિશેષોથી ભરેલું આપણું ગાંધીનગર અને એમાંય શિવરંજનીના કલારસિક સભ્યોને લાખ-લાખ વંદન-અભિનંદન.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રેક્ષકો પર મીઠી કટાક્ષભરી રમૂજ સાથે શ્રી રઈસ મનિયારે નીલુ દવેને આવકાર્યા હતા. ફિલ્મ 'મહલ'નું ગીત 'આયેગા આનેવાલા'ની સુંદર પ્રસ્તુતિ બાદ 'આવારા' ફિલ્મનું ટાઈટલ સોંગ નીરજ પાઠકના દમદાર અવાજમાં રજૂ થયું હતું. ૧૯૫૧માં આવેલ આ ગીતની ગ્રીક-રોમન-રશિયન જેવી ભાષાઓમાં પણ રેકોર્ડીંગ થયું હતું. એ જાણકારીને શ્રોતાઓએ ખૂબ વધાવી હતી. સુપ્રસિદ્ધ આ ગીતની રજૂઆત ખૂબ આવકાર પામી. ગાયિકા સુરૈયાજી દ્વારા ગવાયેલ ગીત 'જવાં હૈ મહોબ્બત.. હંસી કે જમાના'ની શ્રીમતિ મૃદુલા દેસાઈ દ્વારા પ્રસ્તુતિ માણવાલાયક બની રહી. આ ગીત તેઓએ સુરીલા કંઠે, અંગ-ભંગીની દ્વારા સજીવન કરી સાચા અર્થમાં પ્રેક્ષકોને ડોલાવ્યા. ૧૯૪૪ની ફિલ્મ 'રતન'ના ગીત 'અખિયાં મિલાકે, જીયા ભરમા કે ચલે નહીં જાના'ની મૃદુલા દેસાઈએ ખૂબ જાનદાર રજૂઆત કરી. સૌ સહગાયકો અને વાદકવૃંદને પણ ગીતની પ્રસ્તુતિમાં જોડી લેવાની એની કલાથી અદ્ભૂત માહોલનું સર્જન થયું. આ ગીત સાથે સંચાલકશ્રીની સંગીતકાર નૌશાદ અને ફિલ્મ 'રતન' વિશેની રસપ્રદ વાતો પણ એટલી જ વાહ-વાહ મેળવી ગઈ. ફિલ્મ 'બહાર'નું વૈજયંતી પર ફિલ્માવાયેલું અને શમશાદ બેગમના અવાજમાં ગવાયેલ ગીત તેમજ ફિલ્મ 'આરપાર'નું ગીત 'કભી આર કભી પાર..' બંને ગીતોની મૃદુલાજી દ્વારા સહઅભિનય મિશ્ર પ્રસ્તુતિ એ ફિલ્મના ઓરિજનલ દશ્યોની યાદ તાજી કરાવી. સંચાલક શ્રી દ્વારા વચ્ચે-વચ્ચે બોલીવુડના જુના-નવા હિરો-હિરોઈન-સંગીત અને કલાની રમૂજ સાથેની માહિતીપ્રચૂર વાતોએ શ્રોતાઓને સરસ રીતે જકડી રાખ્યા.

રંગૂન શહેરની યાદ સાથે 'પતંગા' ફિલ્મનું ગીત 'મેરે પિયા ગયે રંગૂન...'ની રજૂઆત મૃદુલાજી, નીરજ પાઠક દ્વારા કરવામાં આવી. જેમાં બિલકુલ સહજભાવે ફોનના ઉપયોગથી ગીતની પ્રસ્તુતિ વાસ્તવિક અને હૃદયસ્પર્શી બની રહી. શંકર-જયકીશનની સંગીતરચના સાથેનું ૧૯૪૭માં રિલિઝ થયેલ ફિલ્મ 'બરસાત'નું હીટ સોંગ શ્રી નીલુ દવેના અવાજમાં પ્રસ્તુત થયું. મધુર અને ઘડાયેલા અવાજના માલિક એવા નીલુ દવેની પ્રત્યેક પ્રસ્તુતિ ખૂબ કર્ણપ્રિય અને લોકભોગ્ય રહી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રત્યેક ગીત પર તાળીઓનો સતત વરસાદ વરસતો રહ્યો. એ આ કાર્યક્રમની વિશેષ પ્રશંસનીય બાબત કહી શકાય. ગીતકાર મુકેશજીના હોમપ્રોડક્શનની ફિલ્મ 'મલ્હાર'નું ખૂબ જાણીતું ગીત 'બડે અરમાન સે રખા હૈ સનમ તેરી કસમ...' ગીત નીરજ પાઠક-નીલુ દવેના અવાજમાં પ્રસ્તુત થયું. જેમાં રોશનજીનું સંગીત અને ઈન્દિવરજીના શબ્દોની કમાલનો જાદુ સર્વે શ્રોતાઓના દિલોદિમાગ પર છવાઈ રહ્યો. નીલુ દવેના અવાજમાં પ્રસ્તુત પ્રત્યેક ગીત રેડિયો પર સંભળાતા ગીતનો અહેસાસ આપી ગયું.

શ્રી નીરજ પાઠક જેઓ વિશેષરૂપે કિશોરકુમારના અવાજ માટે જાણીતા છે, છતાં પણ એમના ફાળે આવેલ અનેક કલાકારોના અવાજમાં ગાયકી તેમણે ઉત્તમ રીતે નિભાવી. ઓલ ઈન વન એવા મજબૂત ગાયક નીરજ પાઠકની પ્રસ્તુતિ કાર્યક્રમનું જમાપાસું બની રહી. હિન્દી ફિલ્મોના ખૂબ ઓછા ફિમેલ યુગલ ગીતોમાંથી ૪ ગીતોની પ્રસ્તુતિ અફલાતૂન અને દિલ ડોલાવનારી બની રહી. ઓ.પી. નૈયરના સંગીત નિદર્શનમાં ગવાયેલ ગીત 'કજરા મહોબ્બત વાલા...' ફિલ્મ 'દિદાર'નું 'બચપન કે દીન ભૂલા ન દેના' 'અનમોલ ઘડી' ફિલ્મનું 'આવાઝ દે કહાં હૈ...' ફિલ્મ 'મુગલેઆઝમ'નું ખૂબ જાણીતું શમશાદબેગમ અને લતાજીના અવાજમાં ગવાયેલ ગીતની ધમાકેદાર રજૂઆતથી પ્રેક્ષકોમાં આનંદની લહેર છવાઈ ગઈ હતી. નૂરજહાં-સૂરૈયા-શમશાદબેગમ-લતાજી બધા અવાજોમાં નીલુ દવે અને મૃદુલાજીની કમાલ ગાયકીથી શ્રોતાઓ આફરીન પોકારી ગયા. ૧૯૫૫ની ફિલ્મ 'મુનીમજી'માં એસ.ડી. બર્મનનું સંગીત અને દેવાનંદ અભિનીત ગીત 'જીવન કે સફર મેં રાહી...' નીરજ પાઠકના અવાજમાં ખૂબ તાળીઓ મેળવી ગયું.

ફિલ્મ 'બાપ રે બાપ'નું ઓ.પી. નૈયરના સંગીતથી સજેલા ગીતની સુંદર પ્રસ્તુતિ સાથે નૈયર સાહેબની ખાસિયતોની વિસ્તૃત વાતથી ઉપસ્થિત સહુ પ્રભાવિત થયા હતા.

મહેબૂબખાનની ફિલ્મ 'અનમોલ ઘડી'નું સુંદર ગીત 'મેરે બચપન કે સાથી મૂઝે...' બાદ મૃદુલાજી દ્વારા સુરૈયાજી દ્વારા ગવાયેલ ફિલ્મ 'શારદા'નું 'વો પાસ રહે યા દૂર રહે..'ની રજૂઆતે પણ ખૂબ પ્રશંસા મેળવી.

ફિલ્મ 'દિલ્લગી'નું ઓરીઝનલી સુરૈયા અને શ્યામના અવાજનું યુગલ ગીત મૃદુલા-નીરજ પાઠકે પ્રસ્તુત કર્યું. 'એક-દો-તીન આજા મૌસમ હૈ રંગીન' પ્રેક્ષકોના સક્રિય સાથ સાથે સ્ટેજ અને ઓડિટોરિયમનો માહોલ રંગીન બનાવી ગયું.

૧૯૫૨માં રિલિઝ થયેલ અને ૧૦૦ અઠવાડિયાથી વધુ સમય ચાલેલી ફિલ્મ 'બૈજુબાવરા'નું સંગીત એ જમાનામાં એ ફિલ્મનું મુખ્ય નાયક બની રહ્યું. એવી બેમિસાલ ફિલ્મનું બેમિસાલ ગીત 'બચપન કી મહોબ્બત કો...' નીલુ દવેના બેમિસાલ અવાજમાં પ્રસ્તુત થયું.

નીરજ પાઠકના અવાજની જાદુઈ કમાલથી થયેલ ગીત 'તુ કહે અગર...'ની પ્રસ્તુતિ ખૂબ તાળીઓ મેળવી ગયું. હાલમાં જ જેઓનું નિધન થયું છે એવા મુબારક બેગમનું પ્રસિદ્ધ ગીત 'કભી તન્હાઈઓં મેં...' મૃદુલાજીના અવાજમાં ભારે પ્રશંસા પામ્યું. ફિલ્મ 'દર્દ'નું ગીત મૃદુલા દેસાઈ દ્વારા અને 'બાવરે નયન'નું 'ખ્યાલોં મેં કીસી કે...' ની રજૂઆત હીટ રહી.

૧૯૫૭માં રજૂ થયેલ ફિલ્મ 'ચંપાકલી'નું 'છૂપ ગયા કોઈ રે...' નીલુ દવેના સૂરીલા અવાજમાં પ્રસ્તુત થયું. ફિલ્મ 'પતિત'નું 'યાદ કિયા દિલને...' નીરજ પાઠક, નીલુ દવેના અવાજમાં સુંદર પ્રસ્તુતિ પામ્યું. નીરજ પાઠક દ્વારા ફિલ્મ 'એક કહાની'નું તલતમહેમૂદે ગાયેલ ગીત 'રાત ને ક્યા ક્યા ખ્વાબ દિખાયે'ની રજૂઆત બાદ ફિલ્મ 'બાબુલ'ના યુગલ ગીત 'મિલતે હી આંખે...' ની નીરજ-મૃદુલાના અવાજમાં સુંદર રજૂઆત પ્રેક્ષકોએ બિરદાવી હતી. ફિલ્મ અલબેલાનું સી. રામચંદ્રના સંગીત નિદર્શન અને ગાયક ચીતલકર દ્વારા ગવાયેલ ગીત 'શોલા જો ભડકે દિલ મેરા ધડકે...' નીરજ પાઠકના અવાજમાં આબેહૂબ પ્રસ્તુત થયું.

મુંબઈથી પ્રોગ્રામ અર્થે ખાસ પધારેલ મૃદુલા દેસાઈ દ્વારા ગુજરાતી રંગભૂમીના ગીતની પ્રસ્તુતિ સરાહનીય રહી. કાર્યક્રમના અંતભાગમાં મૃદુલાજી દ્વારા 'સાહેબ-બીબી ઔર ગુલામ' ફિલ્મના ગીત 'ન જાઓ સૈંયા, છૂડા કે બૈંયા'ની રજૂઆત શ્રોતાઓ માટે મહામૂલી ભેટ સમાન બની રહી. મદહોશ અવાજ અને અભિનય સાથેની પ્રસ્તુતિએ શ્રોતાઓને સ્ટેન્ડીંગ ઓવેશન સાથે તાળીઓ વરસાવવા મજબૂર કર્યા.

ઉંમરમાં સિનિયર હોવા છતાં નિર્દંભ-સહજ રજૂઆત અને ગાયન થકી શ્રી મૃદુલા દેસાઈએ શ્રોતાઓના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. સંચાલક રઈસ મનિયારનો ફાળો કાર્યક્રમની પ્રવાહીતા અને સફળતામાં નોંધનીય રહ્યો. માહિતી-રમૂજ-કુશાગ્રતાપૂર્ણ સંચાલન શ્રોતાઓને ખૂબ સ્પર્શી ગયું. શ્રોતાગણના રસભંગની ચિંતા સાથે, સમયવિવેકનો સજાગતાપૂર્વક અનુસરીને ડૉ. રઈસ, શિવરંજની અને શ્રોતાઓની સલામના હક્કદાર થઈ રહ્યા. સુંદર બ્રેકગ્રાઉન્ડ વાળા ભવ્ય બેનર સાથે સુંદર સાથે આવો બેનમૂન કાર્યક્રમ આપવા બદલ શિવરંજનીના સૌ કારોબારી સભ્યો અને પ્રમુખ શ્રી વાગ્મિન બુચને હાર્દિક અભિનંદન. આ વર્ષે શિવરંજનીએ અર્ચિતા-ભટ્ટાચાર્ય, લાલિત્યમુન્શો અને મૃદુલા દેસાઈ જેવા મુંબઈના ઉચ્ચકક્ષાના કલાકારોને નિમંત્રિત કરી એક નવું સોપાન સર કર્યું છે. આગામી વર્ષોમાં ચઢિયાતા કાર્યક્રમોની અપેક્ષા સાથે શિવરંજની અને સૌ કલાકારોને સલામ...

- મમતા રાવલ







## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**